
# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




ખેતીની જમીનમાં હવે ગાડીઓ ઉગશે,
ઉગશે નહીં અનાજ સૌ મોતીડાં ચૂગશે,
ફૂગશે પેટ હજીય ઉદ્યોગપતિઓ નાં-
પોંચે ન કોઇ 'એને' એનાં પાપ જ પૂગશે..




પ્રકાશ્યું પાપ!
તિવારી ની ટોપીમાં -
ધોળામાં ધૂળ..

'ચઢાવો ફાંસી'
કોર્ટ ને કાયદાની -
ઉડાવે હાંસી..

## ચિંતન

**કિંચિદ્વિદ્વન્દોષ્ટીક્કવિદપિ સુરામત્ત કલહઃ કચ્ચિદ્વીણાવાદઃ કક્કચિદપિ ચ હાહેતિ રૂદિતમ્ ।**
**કચિદ્મ્યા રામા કકચિદપિ જરા જર્જરતનું ર્નેજાને સંસારઃ કિમમૃતમયઃ કિં વિષયય : ॥**

આ સંસાર સુખનાં અમૃત અને દુઃખનાં ઝેરથી ભરેલાં છે. એ સાર સમજાવતો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-ગૃહસ્થાશ્રમ-પ્રશંસામાંથી લેવામાં આવ્યો છે :-

એક ઠેકાણે વિદ્વાનોનો વિદ્વતાપૂર્ણ વાર્તાલાપ ચાલે છે તો બીજી બાજું દારૂડિયાઓના બહેકેલા અભિમાન ભર્યા કજીયા કંકાસ ચાલે છે. કોઇ પણ જગ્યાએ વીણા વાદન જેવાં આહ્લાદક વાંજિત્રોનું ગૂંજન છે તો બીજી બાજુ રૂદન સાથે હા-હાકારનો ગોકીરો છે. કયાંક કોઇ જગ્યાએ રમણીય સુંદરીઓ દૃશ્યમાન થાય છે તો કયાંક ઘડપણ - રોગોથી જીર્ણ થયેલાં શરીર દેખાય છે આવાં એકમેકથી વિરૂધ્ધના દૃશ્યો જોઇ નક્કી નથી થઇ શકતું કે ખરેખર આ સંસાર સુખ ભર્યો છે કે, દુઃખો-વિષાદથી ભરપૂર છે?

આ સંસારમાં સુખમય પ્રસંગો અનેક આવે છે. લગ્ન-જન્મદિવસ-બઢતી-ખૂશાલીની પાર્ટીઓ - કુટુંબમેળા - મિલન સમારંભ જેમાં પ્રેમ આનંદ અને સંગીતમય વાતાવરણ પણ છે.

જયારે વ્યસન-વાસના-ગરીબ-વેર-ઝેર. કુસંપથી ઘેરાયેલા પરિવારો અશાંતિમય જીવન પણ જીવતાં રહે છે. સંસાર સુખ-દુઃખથી ભરપૂર છે. તમારે તમારી જાતે એ વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં સુખ-શાંતિ મળે..

## સુવિચાર

- બદનક્ષીનો એક શબ્દ સજ્જનની બધી જ આબરૂ ધૂળ ભેગી કરવા સમર્થ છે પણ આશ્વાસનનો, પ્રોત્સાહનનો એક શબ્દ જીવનમાં હારી ગયેલા ને બેઠા થવાની પ્રેરણા આપે છે **- ફાધર વાલેસ**
- વાણીથી માણસનું ચારિત્ર્ય, સંસ્કાર અને ઘડતર જાણી શકાય છે **- કબીર**
- તમારા મોઢામાં શું જાય છે તે મહત્ત્વનું નથી પરંતુ તમારાં મોઢાંમાંથી શું નીકળે છે તે મહત્ત્વનું છે **- જે. કૃષ્ણમૂર્તિ**
- કસમયના વેણ બોલીને કે જરૂર કરતાં વધારે બોલીને કોઇ શુભ કાર્યને હાનિ પહોંચાડશો નહીં **- અનુભવાનંદજી**
- વ્યક્તિનો પરિચય તેના ચહેરાથી થતો હશે પણ તેની સાચી ઓળખ તો તેની વાણીથી જ થાય **- પં. રત્નસુંદર વિજયજી**
- વાણી દ્વારા કોઇને ઇજા પહોંચાડશો નહીં **- બુધ્ધ**

## બોધ કથા

સત્યનારાયણની કથા કરનાર મહારાજ હરિશ્ચંદ્ર જ હોય એવું નથી, ગીતા પર વ્યાખ્યાન આપનાર કર્મયોગી ન પણ હોય, સંત-ઉપદેશક-બાબા-બાપુઓ બધા બોલે છે એવું કંઇ કરતા નથી.

એવું સાહિત્યકારો અને અભિનેતાઓનું છે. લેખક લાગણીમાં - લેખનના પ્રવાહમાં લખી નાખે પણ એવું એના આચરણમાં ન પણ હોય. રામનું પાત્ર ભજવનાર કોઇ મર્યાદાનું પાલન કરતો ન પણ હોય.

બે યુવાન કોલેજીયન ને વાચનનો ખૂબ શોખ, એકે ઓશો ને ખૂબ વાંચ્યા અને પોતાની સમજ પ્રમાણે તેના પુસ્તકોનો અર્થ કાઢી જીવનની મર્યાદાઓનું ઉલ્લંઘન કરી 'પ્રેમ-મય' જીવન જીવવા લાગ્યો.

બીજાએ શંકરાચાર્યના લેખકના ત્યાગ અને વૈરાગ્યના પુસ્તકો વાંચ્યાં અને સંસારમાંથી જીવ ઉઠી ગયો. સાધુ થવા માટે ઘર છોડ્યું. મા-બાપ દુઃખી થયાં. સંત પાસે ગયાં, સંતે કારણ પૂછ્યું, મા-બાપ કહે, ફલાણા લેખકના પુસ્તકો વાંચી અને વૈરાગ્ય આવી ગયો છે. સંત કહે એ લેખકને હું ઓળખું છું એ તો પરિણીત છે અને બીજી સાથે સંબંધો ધરાવે છે.

સંત યુવાનને એને ત્યાં લઇ ગયા. યુવાન કહે તમે તો વૈરાગ્ય વિશે ખૂબ સરસ લખ્યું છે. છતાં તમે તો..

લેખક કહે, અમારું લુહાર જેવું છે. લુહાર કટાર બનાવે પણ એનો ઉપયોગ કેમ-કેવી રીતે-કોણ કરે એ કંઇ એને ખબર ન હોય!

# મહાન સન્નારી અને ત્રાવણકોરની સફળ રાજકર્ત્રી મહારાણી ગીતાના આદર્શ પ્રમાણે નિર્લેપભાવથી જીવન જીવતી રહી, વંદન હો!

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ભારતનું છેક દક્ષિણનું રાજટ એટલે કેરળ. કેરળ ઉપર નાંબુદ્રીપાદ બ્રાહ્મણોનો સારો અને નરસો બંને પ્રકારનો પ્રભાવ રહેતો. કેરળે શંકરાચાર્ય જેવા મહાન આચાર્યો પેદા કર્યા છે, તો ઘોર રૂઢિચુસ્તતાના કારણે કેરળને મુસ્લિમ અને ખ્રિસ્તી સ્વરૂપ આપવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો કહી શકાય. સમાજના શિખર ઉપર જે વર્ગ હોય છે તે સમાજનું ભવિષ્ય ઘડતો હોય છે ત્યારે સમાજના શિખર ઉપર બ્રાહ્મણો અને ક્ષત્રિયો રહેતા. બ્રાહ્મણો ધર્મવ્યવસ્થા દ્વારા સમાજને નિયંત્રિત કરતા. તો ક્ષત્રિયો રાજવ્યવસ્થઆ દ્વારા સમાજને નિયંત્રિત કરતા. ક્ષત્રિયો પણ બ્રાહ્મણોએ દોરેલી બ્રહ્મરેખા પ્રમાણે જ રાજ ચલાવતા, તેથી ખરી શક્તિ તો બ્રાહ્મણો પાસે જ હતી. શિખર ઉપરના માણસો જે ભૂલો કરે તેનું માઠું પરિણામ નીચેના બધા માણસોને ભોગવવું પડતું હોય છે.

આવા કેરળમાં ત્રાવણકોરનું પ્રસિધ્ધ રાજય, જેનો અખૂટ ખજાનો ત્રિવેન્દ્રમના પદ્મનાભ મંદિરનાં ભોયરાંમાંથી મળ્યો છે તેને જોઇને ભારત જ નહીં પૂરું વિશ્વ છક્ક થઇ ગયું છે. આ ખજાનો સેંકડો વર્ષોથી સંતાયેલો પડ્યો હતો. સારું થયું. જો તે પ્રસિધ્ધ થઇ ગયો હોત તો મૂર્તિભંજકોએ તેને લૂંટી લીધો હોત. કેટલીક વાર અજ્ઞાત અવસ્થા પણ કલ્યાણકારી બનતી હોય છે. મને વિચાર આવે છે કે જો આટલા ખજાનામાંથી મહાન વિશાળ સેના અને સર્વોત્તમ શસ્ત્રો બનાવ્યા હોત અને તેનો કુશળતાપૂર્વકનો ઉપયોગ કરાયો હોત તો ત્રાવણકોર વિશ્વવિજયી થઇ શક્યું હોત. યાદ રહે, સિકંદરનું રજવાડું ત્રાવણકોરથી પણ નાનું હતું અને તેની આવક તો કાંઇ જ ન હતી, તેમ છતાં તે વિશ્વવિજયી થઇ શક્યો તો ત્રાવણકોરનો રાજા કેમ ન થઇ શકે? પણ તેવી મહત્ત્વાકાંક્ષા આપનારું ચિંતન કયાંથી લાવવું? આ જ કેરળમાંથી ચિંતન પ્રગટ્યું હતું. "જગત મિથ્યા છે. ત્રણે કાળમાં નથી અને હું પૂર્ણકામ બ્રહ્મ છું, મારે કશાની જરૂર નથી. હું પોતે જ આનંદસ્વરૂપ - સુખસ્વરૂપ છું" વગેરે હવે વિશ્વવિજયીની માથાકૂટમાં કોણ પડે? ચિંતન બહું જ મહત્ત્વનો ભાગ રાષ્ટ્રીય જીવનમાં ભજવતું હોય છે. હજી પણ કયાં ચિંતન બદલાયું છે? દુર્ભાગ્ય જ કહેવાય.



આ ત્રાવણકોરમાં મહારાજનું અવસાન થયું. ત્યારે તેમના મહારાણી ગૌરીપાર્વતી માત્ર તેર વર્ષનાં જ હતા. ત્યારે દિલ્હી ઉપર ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તા હતી. તે સમયનાં વાઇસરોય ગૌરીપાર્વતીને રાજરાણી માનીને રાજયનો વહીવટ કરવા કર્નલ મનરોને એડમિનિસ્ટ્રેટર બનાવ્યો. ત્યારે અંગ્રેજો કોઇનું રાજય ખાલસા કરતા નથી. સગીર વયનો વારસદાર હોય તો કોઇ ઉચ્ચ અંગ્રજી અમલદારને વ્યવસ્થાપક નીમી દે. તે વહીવટ કરે. વારસાદારને ભણાવે - ગણાવે - કેળવે અને યોગ્ય બનાવે પછી પુખ્ય ઉંમર થતાં તેને ગાદી સોંપી દે. આવી વ્યવસ્થા હતી. લોર્ડ ડેલ્હાઉસીના સમયથી રાજયોને ખાલસા કરી નાખવાની પ્રથા શરૂ થઇ, જેના પરિણામે ૧૮૫૭ નો વિદ્રોહ થયો.

કર્નલ મનરોએ ત્રાવણકોરનું રક્ષણ કર્યું તથા કુશળતાપૂર્વક રાજવહીવટ કર્યો. મહારાણી ગૌરીપાર્તવી રાજવહીવટમાં રસ લેવા મંડી. તે રૂપવતી તો હતી જ સાથે સાથે ગુણવંતી અને જ્ઞાનવતી પણ હતી. બાળ વિધવા થઇને તે માત્ર આંસુઓ જ પાડયા કરતી નહીં. તેણે રાજયની લગામ સંભાળવા માંડી. કર્નલ મનરો તેમની પ્રતિમાથી બહુ પ્રભાવિત હતો. જરા તુલના કરો. મોગલોએ જયાં - જયાં આવાં રજવાડાં ઉપર સૂબાઓ મૂક્યા તે જતા દિવસે પોતે જ સુલતાન કે નવાબ થઇ ગયા! મહારાણી પુખ્ત ઉંમરનાં થતાં જ કર્નલ મનરો તેમને રાજય સોંપીને ચાલતો થયો. મહારાણી પાર્વતીબાઇએ તેર વર્ષ સુધી જ રાજય કર્યું. આટલાં ટૂંકા સયમમાં તેમણે ત્રાવણકોર રાજયની કાયાપલટ કરી નાંખી. જેનામાં કાર્યક્ષમતા અને તત્પરતા હોય તે થોડા સમયમાં પણ ઘણું કામ કરી શકે છે.

ગૌરીપાર્વતીબાઇનાં સુધારાવાદી પ્રયત્નોનો કેરળનાં નામ્બુદ્રીયાદ બ્રાહ્મણોએ શરૂઆતમાં વિરોધ કર્યો. પણ પછી તે પણ અનુકૂળ થઇ ગયા.

તે સમયમાં ત્રાવણકોરમાં પુષ્કળ ચોખા થતાં, પણ રાજબહાર જવાની મનાઇ હોવાથી ખેડૂતોને તેના ભાવ મળતાં નહીં. મહારાણી ખેડૂતપ્રેમી હતી. તે જાણતી હતી કે ખેડૂતોના કઠોર પરિશ્રમના પરસેવાથી જ રાજની તિજોરી ભરાતી હતી. તેમણે ખુશહાલ રાખીને જ રાજય સુખી થઇ શકે. ખેડૂતો ત્યારે જ ખુશહાલ થઇ શકે જયારે તેમના ઉત્પાદનનો પૂરો બદલો મળે. અનાજની નિકાસ ઉપર પ્રતિબંધ હોવાથી સ્થાનિક વ્યાપારીઓ ખેડૂતોનું અનાજ સસ્તા ભાવે ખરીદી લેતા, જેથી ખેડૂતો દુઃખી રહેતા. મહારાણીએ પ્રતિબંધ ઉઠાવતાં જ ત્રાવણકોરના ચોખા બહાર જવા લાગ્યા, તેથી ખેડૂતોને ઊંચા ભાવ મળ્યા અને ખેડૂતો સુખી થયા.

તે વખતે કેરળમાં ઉંચનીંચના ઘણાં ભેદભાવ હતા. વર્ણવ્યવસ્થા ચરમકક્ષાએ પીડાદાયક થઇ ગઇ હતી. તો બીજી તરફ જમીનદારો, શાહુકારો વગેરે ઊંચા સ્થાને વ્યવહાર કરતા અને તેમનું ભયંકર શોષણ કરતા. મહારાણીએ આ બધામાંથી પ્રજાને છોડાવવાના ભગીરથ પ્રયત્નો કર્યા. જો કે વિરોધ થયો, પણ સામ - દામ - દંડ અને ભેદની નીતિથી સમાનતા સ્થાપવાનો પ્રયત્ન કર્યો.

તે સમયે શિક્ષણનું ક્ષેત્ર માત્ર બ્રાહ્મણો પૂરતું જ સીમિત હતું. થોડા પ્રમાણમાં ક્ષત્રિયો વગેરે ભણતાં. બાકી પૂરી પ્રજા અભણ હતી. ત્યારે પૂરા દેશમાં શિક્ષણ પ્રમાણ દસ ટકાં માડ હતું. મહારાણીના પ્રયત્નથી ત્રાવણકોર - કેરળ જોતજોતામાં ૪૬ % એ પહોંચીને ભારતનું સર્વાધિક શિક્ષિત રાજય બની ગયું હતું! ત્યારે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કેટલાંક નવાબી રાજયોમાં શિક્ષણનું પ્રમાણ માંડ બે ટકા જ હતું. ત્યારે મહારાણીએ પ્રાથમિક શિક્ષણ સ્ત્રી-પુરૂષ બંને માટે અનિવાર્ય કરી દીધું હતું.

મહારાણીએ ત્યારે દહેજપ્રથા બંધ કરાવી હતી. ઉચ્ચ કુલીન લોકોનું ભયંકર દૂષણ એટલે દહેજપ્રથા હજી સુધી ભારતમાં આ પ્રથા સંપૂર્ણ નાબૂદ થઇ શકી નથી. ત્યારે મહારાણીએ તે સમયમાં આ પ્રથાને નાબૂદ કરી નાંખેલી. મહારાણીએ લગ્નમાં માત્ર ૧૦૧ રૂપિયા જ શુકનના લેવાના કરાવ્યા હતા. આ રીતે હજારો કન્યાઓ અને તેમનાં માતા-પિતાને દુઃખમુક્ત કર્યાં હતા. કર્નલ મનરો તેમનાં સુધારાની સમ્રાટ અશોક સાથે તુલના કરતો, જે સમજાવટની કામ લેતો હતો.

ત્યારે ખ્રિસ્તી મિશનો નવાં નવાં પ્રવૃત્ત થયાં હતા. તેમની શૈક્ષણિક પ્રવૃત્તિથી પ્રભાવિત થઇને મહારાણીએ તેમને આવકાર્યા હતા, પણ ધર્મ પરિવર્તન ન થાય તેની કાળજી પણ લીધી હતી.

આ રીતે અનેક સુધારાઓ દ્વારા ત્રાવણકોર ઉચ્ચ શિક્ષિત સંસ્કારી અને સમૃધ્ધ રાજય બન્યું હતું. અંગ્રેજો પણ આ રાજયથી પ્રભાવિત રહેતા.

મહારાણી જયારે ૨૭ વર્ષનાં થયાં ત્યારે તેમનો ભત્રીજો ઉંમરલાયક થઇ ચૂકયો હતો. મહારાણીએ ભત્રીજાને રાજગાદી સોંપી દીધી અને પોતે નિવૃત્ત થઇ ગયા. પણ ભત્રીજાના આગ્રહથી છેક સુધી તે માર્ગદર્શન આપતાં રહ્યા. આવી મહાન સન્નારી અને ત્રાવણકોરની સફળ રાજકર્ત્રી મહારાણી ગીતાના આદર્શ પ્રમાણે નિર્લેપભાવથી જીવન જીવતી રહી વંદન હો!

**સંદર્ભ પુસ્તક : મહાન મહિલાઓ**
**લેખક : સ્વામી સચ્ચિદાનંદ**

# આ પુસ્તકે એક સાથે અનેક પરિણામો સર કર્યા છે, તેમાં જ્ઞાન પણ, સહજતા પણ અને ભાવિ પથદર્શન પણ છે : સંતોનોનાં પ્રોજેક્ટની ચિંતા કરતા મા-બાપનો સધિયારો પણ છે


## શબ્દ સમીપે

### જ્ઞાનના ખળખળ વહેતાં ઝરણાંને કિનારે ઉગેલાં રંગીન પુષ્પોનો સુગંધસભર ઉદ્યાન

- નટવર હેડાઉ

'શબ્દ' બ્રહ્મ છે. એવું શાસ્ત્રોએ સ્વીકાર્યું અને શબ્દનો જબરો મહિમા કર્યો. આ શબ્દ તે આપણા મગજમાં સળવળાટ કરતું નાનકડું સાંપોલીયું. એ અળસીયું ભૌતિક જન્મ ધારણ કરે ત્યારે જ્ઞાનપિપાસાની સજીવ ખેતીનો આરંભ થાય. સોક્રેટિસ એમ કહે છે કે, 'હું જાણતો નથી' તેમ સ્વીકારવું એ જ્ઞાનનું પહેલું નાનું પગથિયું છે. જેને અહ્મભાવ છલકે છે કે 'હું તો આ બધું જ જાણું છું.' તે જ્ઞાનની સીડીનું પ્રથમ પગથિયું જ ભાળતો નથી. અને અજ્ઞાન, અહમ્ - અણઆવડત - અસફળતાના રૂક્ષપ્રદેશની સુક્કી પરીક્રમાના રવાડે ચડી જાય છે. તેના માટે જ્ઞાનની વાતો દૂરની થઈ રહે છે. પણ ખેતરમાંથી ફૂંકાયેલો નિંદામણનો ઢગલો જ તેના નસીબે આવે છે.

શાસ્ત્રો પણ સ્વીકારે છે કે બાળપણ એ જીવનની શ્રેષ્ઠ અવસ્થા છે. કારણ બાળપણ પ્રશ્ન કરવાની છૂટ આપે છે. તમે મોટા થઈ ગયા છો તેની ખબર કયારે પડે? તમને જયારે કોઈ એમ કહે કે, 'પૂછ પૂછ શું કરે છે, તું વહે મોટો થઈ ગયો છે.' અને તમને ખ્યાલ આવે છે કે હવે હું મોટો થઈ ગયો! અને મોટાં થયાનું ઈનામ શું? તો જવાબ મળશે : સવાલો પૂછવાનું બંધ 'આ આમ કેમ છે?', 'પેલું તેમ કેમ નથી.' એવું હવે ન પૂછાય, પૂછો તો બાળક ગણાવ. 'ચાઈલ્ડીશ' એવું બિરૂદ મળે. અને આપણે ખરેખર મોટા થઈએ ત્યારે ખબર પડે છે કે તે ગુનો નથી. પ્રશ્નો કરવા તે તો કુતૂહલની નિશાની છે. જેને વિસ્મય નથી. જેને કુતૂહલ નથી તેને જ પ્રશ્નો નથી. અને પ્રશ્નો નથી તો જિંદગી કયાંથી? કોઈ પણ ઉંમરે સહજતાથી પૂછ્યું એ જીવંતતાની નિશાની છે. જે ચોતરફ સતત જૂએ છે તેને અવિરત જિજ્ઞાસા છે. જેને જિજ્ઞાસા છે તેને પ્રશ્નો છે. જેને અઢળક પ્રશ્નો છે જ પૂછે છે. જે વારંવાર પૂછે છે તે નવું જાણે છે. ઘણું માણે છે. અને જીવ્યાનો આનંદ લૂંટે છે. જાણવું, થોડું જાણવું, નવું જાણવું, ઘણું જાણવું તે જ્ઞાનના ભંડારના પટારા ખોલે છે. જ્ઞાનનો ખજાનો અખૂટ છે. એમ કહેવાય છે કે એક માણસ જાણે -અજાણે એક સેકન્ડમાં ત્રણ વિચારો કરે છે. તેમાંથી એક વિચાર નવી સંકલ્પનાને જન્મ આપવાની ક્ષમતા ધરાવે છે! જે વિચારમાં નવી શોધની શક્યતા છે. તે વિચારને પ્રશ્ન પૂછી તમે વહેતો ન મૂકો તો વિશ્વમાં ભવિષ્યને કેટલો ગેર ફાયદો થાય? શક્ય છે કે એક નવી શોધ અટકી જાય. એક નવું ક્ષેત્ર ખુલતું રહી જાય. અને એક નવા જીવનની ક્ષિતિજો ઉઘડતી જ વિરમી જાય. તો તો કેટલો મોટો અનર્થ થઈ જાય ખરું ને, જે પૂછતો નથી તે અનર્થની શક્યતાને જણે છે. આવું કામ કરે તેને માનવ કહેવાય ખરો?




આટલું વાંચ્યા પછી તમારા મગજમાં પણ અનેક વિચારો આવવા લાગ્યા હશે. તમે મારી સામે પ્રશ્નોનો મારો ચલાવો તે પહેલાં હું તમને કહી દઉં કે આજે આપણે એક જ્ઞાન ઉદ્યાનની સફરે જવાનો કાર્યક્રમ રાખ્યો છે. આ જ્ઞાનના ખળખળ વહેતાં ઝરણાંન કિનારે કિનારે ઉગેલાં રંગીન પુષ્પોનો સુગંધસભર ઉદ્યાન છે. તેમાં હમણાં જ રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ તે રાષ્ટ્રપતિ જયાં રહે છે. તે રાષ્ટ્રપતિ ભવન, એવરેસ્ટની ઊંચાઈની અનવવી વાતો, સી.બી.આઈ. શું છે? હરતું ફરતું પ્લેટોરિયમ કેવું હોય, અવકાશયાત્રીઓની અનોખી દુનિયાની વાતો, દેશનું સૌથી મોટું ટર્મિનલ, ઈન્ટરનેટની ઈન્ટ્રેસ્ટીંગ કહાણી, સુહાસ, ભારતીય બિલ ગેટ્સ, કરિયર @ વન ક્લિક, કોર્પોરેટ દુનિયાના કો-ઑપરેટિવ હાથ, હવે સમય છે રિવર્સ ઈનોવેશનનો, પાણીની રસપ્રદ કહાણી, ૭૦૦ કરોડનું પેટ્રોલ કેમ હવા થઈ જાય છે, ૩૦ વર્ષમાં ચણલી નોટો રદ્દ થઈ જશે પછી શું? નકલી નોટોનો કાળો ધંધો, શિક્ષણનો બદલાશે સિનારિયો, ટીન એજર્સની ટનાટન સિધ્ધિઓ, ઉચ્ચ શિક્ષણને સતાવતી સમસ્યાઓ, લખાણથી જાણો લખાણ... કારકિર્દીની આઠ માન્યતાઓ અને તેનું સત્ય, મોંઘવારીથી બચવાનાં ૧૪ ઉપાયો, અકબરનાં નવરત્નો, આવા આવા અનેક વિષયોને લગતાં પ્રશ્નોના જવાબો મેળવવાની જિજ્ઞાસા જાગી હોય તો તમારે 'નૉલેજ ગાર્ડન' માં વિહાર કરવા જવું જ પડે.


(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૩૦મી જુલાઇ

- વૈશ્વિક કીર્તિ - પ્રતિષ્ઠા પ્રાપ્ત શિલ્પકલાના મર્મજ્ઞ હેનરી મૂરનો જન્મ ૧૮૯૮. "વોરિપર વિથ રિલ્લડ, ફોલિંગ વોરિયર, 'ફેમીલી' જેવા ભાવનાત્મક શિલ્પોના સર્જક. બીજા વિશ્વયુધ્ધ વખતે 'ખાઇઓમાં-ભૂગર્ભમાં વસેલાં લોકોનાં જીવન વિષેનં તેમના શિલ્પો ખૂબ જૂ ખ્યાતિ પામ્યા છે."



- ૧૫૩૧ - મધ્યમુગના ભક્તકવિ સંત તુલસીદાસજીનું અવસાન.
- ૧૯૨૩ માં - ખેડા જિલ્લામાં રાસ ગામે સત્યાગ્રહ કરવા બદલ મહાત્મા ગાંધીજીની ધરપકડ.
- ૧૯૫૩ - ગુજરાતી ભાષાના પારસી કવિ અરદેશર ફરામજી ખબરદારનું અવસાન.
- પેરેશૂટ સાથે વિમાનમાંથી ફ્રાન્સના કેપ્ટન સેરેટે સૌ પ્રથમવાર કૂદકો લગાવ્યો.
- ૨૦૦૯માં - દરરોજ ૨૦,૦૦૦ માણસોની રસોઇ બની શકે તેવી વિશ્વની સૌથી મોટી સૂર્ય ઉર્જા, પ્રણાલીની શિરડીના સાંઇબાબા સંસ્થાનમાં સ્થાપના કરવામાં આવી.

# ગાડીની વ્હીસલ વાગતા દાદાનું હૃદય ચિરાઇ ગયું, ધીમે ધીમે ચાલતી ગાડીએ ઝડપ પકડી ને દાદાની આંખોએ આંસુના તોરણ બંધાઇ ગયાં, દૂર-દૂર સુધી જાતી ગાડીને એકીટસે જોઇ જ રહ્યા

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૬)

- જયંતીલાલ મકવાણા

સંધ્યા સ્ટેશન પર ટ્રેઈનની રાહ જોઈ કંટાળી હતી. ટ્રેઈન દોઢેક કલાક મોડી હોવાથી બેચેન ચહેરે તેણીએ જોયું તો થોડે દૂર એક ટોળું સ્ટેશન તરફ આવતું હતું. ટોળાની આગળ ચીંથરે હાલ સ્ત્રી અને તેની પાછળ છોકરાઓ એનો સાડલો ખેંચતાં તો કોઈ તેનાં વાળ ખેંચતાં, કોઈ તેના હાથમાં રહેલી છબિ ઝૂંટવી લેવાં પ્રયત્ન કરતાં હતા. આથી સ્ત્રી છબિ છાતીએથી અળગી કરતી નહિ. સ્ત્રી ગુસ્સે થતાં ટોળા સામે ફરીને દાંતિયા કરતી આંખો કાઢતી ને અટ્ટહાસ્ય કરતી સામે દોડતી એટલે છોકરાઓ ડરીને પાછા ભાગી જતાં ફરી પાછીએ સ્ત્રી આગળ ચાલતી એટલે છોકરાઓ તેની પાછળ ચાલતાં ખીજવતાં હતા.

ટોળું સ્ટેશન નજીક આવતાં એક કાકાએ કડકાઈથી બૂમ પાડી, "આશા...!"

આથી આશા ચૂપચાપ બાકડા પર બેસી ગઈ ને તેની બાજુમાં બેસેલી સ્ત્રી સામે જોઈને હસવા લાગી.

સ્ત્રીને લાગ્યું કે આસ્ત્રી ગાંડી નથી લાગતી પરંતુ માનસિક રીતે હતાશ થઈ ગયેલી લાગી. એ સ્ત્રી હતી ગોરેવાન, શરીરે દુબળી માનસિક ત્રાસથી તેણી દુબળીને કદરૂપી થઈ ગઈ હોય તેમ લાગ્યું. આથી સંધ્યાએ કાકાને પૂછ્યું. "કાકા, આ સ્ત્રી ગાંડી છે?"

"ના... બેન... ના... આશા ગાંડી નથી! પરંતુ એના ધણીએ એને ગાંડી કરી મુકી છે!"

સંધ્યાએ કુતૂહલતાથી પૂછ્યું. "એના ધણીએ?"

"હા... હા... એના ધણીએ જ તરછોડી દીધી છે ને ત્યારથી તે મગજ પરનો કાબૂ ગુમાવી બેઠી છે. આજે એનું જીવન ધૂળ જેવું થઈ ગયુ છે." કાકાએ કહ્યું.

"તરછોડવાનું કારણ શું?" સંધ્યાએ પૂછ્યું.

તરછોડવાનું કારણ આ દીકરી તદ્દન અભણ હતી. એના ગરીબ મા-બાપ ખેતમજૂરી કરી પેટનો ખાડો પુરતાં હતા. આશા દેખાવડી, નમણી, રૂપાળીને સુંદર હતી. તેનાં પ્રત્યે એના મા-બાપને વાત્સલ્ય અનુરૂપ હતું. તેનાં સ્વભાવની વિનમ્રતા અને આકર્ષક દેખાવથી તેને જોવા આવતાં લોકોને ગમી જતી. બાજુના ગામનાં રહેતા મુખીના છોકરા સાથે આશાના લગ્ન થયેલાં હતા.

શહેરમાં ભણતો એનો પતિ એક કૉલેજિયન છોકરીને લઈને ભાગી ગયો. આથી આશાને આઘાત લાગ્યો. આ સમયે તેના પેટમાં બાળક ઉછરતું ને તે ગાંડી થઈ ગઈ છે.

"આથી આશાના બાપુજીના માથે આભ તૂટી પડ્યું હોય તેમ જુવાન દીકરીની ચિંતા એમને સતાવવા લાગી."

કાકાની વાત સાંભળતાં સંધ્યાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેને આશા પ્રત્યે હમદર્દી થઈને ધીમેથી તેણીએ પૂછ્યું, "આશા, તારા હાથમાં શું છે?"

"આથી ફોટાને છાતીએ લગાડતા બોલી" મારા હાથમાં તો ફોટો છે.

આશા બાકડા પરથી ઊભી થઈને સ્ટેશન તરફ આવતા એક પુરૂષ પાસે દોડી બોલી ઊઠી "જો... જો... આ મારો પતિ આવે?"

પેલો પુરૂષ ગુસ્સે થતાં તે હડસેલતા ધક્કો મારી તાડુકી ઉઠ્યો, "એય... ગાંડી ભાગ?" ને આશા મૌન થઈ સંધ્યાની બાજુમાં બાકડા પાસે બેસી ગઈ. સંધ્યાએ આશાના હાથમાંથી ફોટો લઈ લીધો ને આશાને પૂછ્યું, "આશા, આ ફોટો કોનો છે?"

આશા એ તરાપ મારી પેલી સ્ત્રીના હાથમાંથી ફોટો ઝૂંટવી લીધો ને છાતીએ વળગાળતી બોલી, "આતો મારા પતિનો ફોટો છે. એ મોટા સા'બ છે... સા'બ, એ મને કાલે તેડવા આવવનાં છે!"

આશાની માનસિક સ્થિતિ જોતાં પેલી સ્ત્રીનું હૈયું કકળી ઊઠ્યુ,' તેની આંખો ભીંની થઈ ગઈ. આશા પર દયા આવતાં તેણે કાકાને કહ્યું, "મારૂં નામ સંધ્યા છે. મારે આશાના પિતાજીને મળવું છે!"

હા... હા... તમે મદદ કરતાં હોય તો આશાના પિતાને બોલાવી આપું. "કાકાએ કહ્યું."

"તો પછી ગાડી આવે એ પહેલાં ઝડપથી બોલાવી લાવો" સંધ્યાએ કહ્યું.

કાકા આશાના બાપુને બોલાવી લાવતાં સંધ્યાએ કહ્યું, "દાદા, હું નારી નારીકેન્દ્રની અધ્યક્ષ છું. તમારી આશાની સ્થિતિથી મને ખુબ દુઃખ થયું છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)